# LAKSHYA CURRENT

## ડો. બાબાસાહેબ આંબેડકર સંકલ્પભૂમિ સ્મારક

- 23 સપ્ટેમ્બર, 2017 ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ વડોદરા ખાત ડો. 'બાબાસાહેબ આંબેડકર સંકલ્પભૂમિ સ્મારક' નું ભૂમિપૂજન કર્યુ છે.
- ભારતરત્ન ડો. બાબાસાહેબ આંબેડકરે 23 સપ્ટેમ્બર,1917 ના રોજ સયાજીબાગ, વડોદરા ખાતે સમાજના નબળા વર્ગોના ઉત્કર્ષ માટે સંકલ્પ લીધો હતો જેને 100 વર્ષ પૂરા થયા છે.
- આ પ્રસંગની 'મહાસંકલ્પ શતાબ્દી દિન' તરીકે ઉજવણી કરવામાં આવી છે.

## પ્રધાનમંત્રી એલ.પી.જી. પંચાયત

- 23 સપ્ટેમ્બર, 2017 ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગાંધીનગર જિલ્લાના ઈસાનપુર મોટા ખાતેથી પ્રધાનમંત્રી એલ.પી.જી. પંચાયતનો શુભારંભ કરાવ્યો છે.
- કેન્દ્રિય પેટ્રોલિયમ મંત્રી શ્રી ધર્મેન્દ્ર પ્રધાન આ માટે યોજાયેલા સમારંભના મુખ્ય અતિથિ હતા.

## શહેનશાહપુર ગામ

- ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઉતરપ્રદેશના વારાણસી જિલ્લાના શહેનશાહપુર ગામમાં પોતાના હાથે જ ગામના એક શૌચાલયનો પાયો નાંખ્યો હતો.

## હોમલોન પરની વ્યાજ સબસિડીની મુદતમાં વધારો

- વડાપ્રધાન આવાસ યોજના (શહેરી) અંતર્ગત મધ્યમવર્ગને હોમલોનનાં વ્યાજ પર અપાતી સબસિડીની મુદત 15 મહિના લંબાવી દેવામાં આવી છે.
- આ યોજના ડિસેમ્બર 2017 માં પૂરી થવાની હતી, જે હવે માર્ચ 2019 સુધી લંબાવવામાં આવી છે.

## મન કી બાત

- 3 ઓકટોબર, 2017 ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના મન કી બાત કાર્યક્રમને ત્રણ વર્ષ પુરા થશે.
- આ કાર્યક્રમ દર મહિનાના છેલ્લા રવિવારે સવારે અગિયાર વાગ્યે ઓલ ઈન્ડિયા રેડિયો,ડી.ડી. નેશનલ અને ડી.ડી. ન્યુઝ ઉપર પ્રસારિત થાય છે.
- 27 જાન્યુઆરી, 2015 ના રોજ અમેરિકાના રાષ્ટ્રપતિ શ્રી બરાક ઓબામાએ પણ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.
- 2 જૂન, 2017 થી આ કાર્યક્રમ છતિસગઢ, હરિયાણા અને ઝારખંડ જેવા રાજયોમાં પ્રાદેશિક ભાષાઓમાં પણ શરૂ કરવામાં આવ્યો છે.
- આ કાર્યક્રમનો પ્રારંભ 3 ઓકટોબર,2014 થી થયો હતો.

## મુખ્ય આર્થિક સલાહકારની મુદતમાં વધારો

- ભારતના મુખ્ય આર્થિક સલાહકાર શ્રી અરવિંદ સુબ્રમણ્યમની મુદતમાં 1 વર્ષનો વધારો કરવામાં આવ્યો છે.

## અમેરિકી સંરક્ષણ મંત્રી

- અમેરિકાના સંરક્ષણ મંત્રીશ્રી જેમ્સ મેટ્ટિસ ભારતની મુલાકાતે આવ્યા હતા. આ તેમની પ્રથમ મુલાકાત હતી.

## મગફળીના ટેકાના ભાવ

- ગુજરાત સરકારે રૂા. 900 ના ટેકાના ભાવથી મગફળીની ખરીદી કરવાનો નિર્ણય કર્યો છે.
- આ અંતર્ગત રાજય સરકાર લાભપાંચમથી પ્રતિમણના રૂા. 900 ના ટેકાના ભાવે મગફળીની ખરીદી કરશે.

Lakshya Career Academy

## સૌભાગ્ય

- 25 સપ્ટેમ્બર,2017 ના રોજ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ નવી દિલ્હી ખાતેથી પ્રધાનમંત્રી સહજ બિજલી હર ઘર યોજના 'સૌભાગ્ય' નો શુભારંભ કરાવ્યો છે.
- પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીની જન્મશતાબ્દી નિમિતે રૂા. 16,320 કરોડની આ "સૌભાગ્ય" યોજના લોન્ચ કરવામાં આવી છે.
- આ યોજના અંતર્ગત આશરે 4 કરોડ ગરીબ પરિવારોને વિનામૂલ્યે વીજ કનેકશન અપાશે.
- આ યોજના 31 ડિસેમ્બર,2018 સુધીમાં પૂરી કરવાનું લક્ષ્ય છે. જેમાં દેશના દરેક ઘરોમાં વીજળી પહોંચાડવામાં આવશે.
- આ યોજનામાં 60% ખર્ચ કેન્દ્ર સરકાર, 10% રાજય સરકાર ઉઠાવશે અને 30% બેંકો પાસેથી લોન લેવામાં આવશે.

## પંડિત દિનદયાળ પોર્ટ

- ભારતના કંડલા પોર્ટનું નામ બદલીને હવે પંડિત દીનદયાળ પોર્ટ કરી દેવામાં આવ્યું છે.
- કંડલાની મુલાકાતે આવેલા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આ બંદરને પંડિત દીનદયાળજીનું નામ આપવાનું સૂચન કર્યુ હતું.

## શ્રી દીનદયાળ ઊર્જા ભવન

- 25 સપ્ટેમ્બર,2017 ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ONGC ના કોર્પોરેટ કાર્યાલય શ્રી દીનદયાળ ઊર્જા ભવનનું નવી દિલ્હી ખાતેથી લોકાર્પણ કર્યુ છે.
- પંડિત દીનદયાળજીની જન્મશતાબ્દી નિમિતે આ કાર્યાલયનું લોકાર્પણ કરવામાં આવ્યું છે.
- શ્રી પંડિત દીનદયાળજીનો જન્મ 25 સપ્ટેમ્બર,1916 ના રોજ ઉતરપ્રદેશના મથુરા જિલ્લાના ચંદ્રભાણ ગામમાં થયો હતો.
- ચંદ્રભાણ ગામ હવે દીનદયાલ ધામ તરીકે ઓળખાય છે.

## આર્થિક સલાહકાર પરિષદ

- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આર્થિક સલાહકાર પરિષદની રચના કરી છે.
- નીતિપંચના સભ્ય શ્રી વિવેક દેબેરોયને તેના અધ્યક્ષ બનાવવામાં આવ્યા છે.
- નીતિપંચના મુખ્ય સલાહકાર શ્રી રતન વાતલ તેના સભ્ય સચિવ હશે.

## શ્રીમતી એન્જેલા મર્કેલ

- જર્મનીમાં યોજાયેલી સામાન્ય ચૂંટણીમાં શ્રીમતી એન્જેલા મર્કેલ ચોથી મુદત માટે ચાન્સેલર પદે ચૂંટાઈ આવ્યા છે.
- શ્રીમતી એન્જેલા મર્કેલના પક્ષ ક્રિશ્ચિયન ડેમોક્રેટિક પાર્ટીને 33.2 ટકા મત મળ્યા છે.
- જયારે તેમના મુખ્ય વિરોધ પક્ષ સોશિયલ ડેમોક્રેટિક પાર્ટીને માત્ર 20.8 ટકા મત મળ્યા છે.

## NDDB ડેરી એકસલન્સ એવોર્ડ

- આણંદ ખાતે NDDB (નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ) ના એકસલન્સ એવોર્ડ વિતરણ સમારોહનું આયોજન થયું હતું.
- જેમાં મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે દેશમાં સૌથી વધુ દૂધ ઉત્પાદન માટે બનાસ ડેરીને નેશનલ એવોર્ડ એનાયત થયો હતો.

Lakshya Career Academy

## મ્યાનમાર સરહદે સૈન્ય ઓપરેશન

- ભારતીય સેના દ્વારા મ્યાનમાર સરહદે ઉગ્રવાદીઓ સામે મોટી કામગીરી હાથ ધરવામાં આવી હતી.
- ભારતીય સેનાએ મ્યાનમાર સરહદે **લંગખુ** નામના ગામ પાસે NSCN-K ના ઉગ્રવાદીઓ સામે કાર્યવાહી કરીને તેમના કેમ્પ નષ્ટ કરી નાખ્યા હતા અને આ હુમલામાં અનેક ઉગ્રવાદીઓનાં મોત થયા હતા.
- NSCN-K નું પુરૂનામ 'નેશનાલિસ્ટ સોશિયાલિસ્ટ કાઉન્સિલ ઓફ નાગાલેન્ડ ખાપલાંગ' છે.NSCN-K એ નાગા ઉગ્રવાદી સંગઠન છે.
- આ અગાઉ ભારત દ્વારા જૂન 2015 માં મ્યાનમાર સરહદે સર્જીકલ સ્ટ્રાઈક કરવામાં આવી હતી.

## બિનઅનામત વર્ગ શૈક્ષણિક અને આર્થિક વિકાસ આયોગ

- ગુજરાતમાં પાટીદાર સમાજ સહિત તમામ બિનઅનામત વર્ગના શૈક્ષણિક અને આર્થિક વિકાસ માટે નવા આયોગની રચના કરવાનો મહત્વનો નિર્ણય ગુજરાત સરકાર દ્વારા લેવામાં આવ્યો છે.

## સાઉદીમાં મહિલાઓને ડ્રાઈવિંગનો અધિકાર

- સાઉદી અરેબિયાએ મહિલાઓનાં ડ્રાઈવિંગ ઉપરનો પ્રતિબંધ હટાવી લીધો છે.સાઉદીમાં મહિલાઓને હવે કાર ચલાવવાની પરવાનગી આપવામાં આવી છે.

## નિવૃત્તિ વય મર્યાદામાં વધારો

- કેન્દ્રિય મંત્રીમંડળે કેન્દ્રિય આરોગ્ય સેવા ઉપરાંત અન્ય કેન્દ્રિય તબીબોની સેવા નિવૃતિની મુદતને 62 વર્ષથી વધારીને 65 વર્ષ કરવા મંજૂરી આપી દીધી છે.

## કાબુલ એરપોર્ટ પર રોકેટ હુમલો

- 27 સપ્ટેમ્બર,2017 ના રોજ અફઘાનિસ્તાનનાં પાટનગર કાબુલના હામિદ કરઝાઈ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર 20 થી 30 રોકેટ ઝીંકીને હુમલો કરવામાં આવ્યો હતો.
- આતંકી સંગઠન તાલિબાને આ હુમલાની જવાબદારી લીધી છે.

## દુલીપ ટ્રોફી – 2017

- દુલીપ ટ્રોફીની ફાઈનલ મેચમાં ઈન્ડિયા બ્લૂને 163 રને પરાજય આપીને ઈન્ડિયા રેડ ટીમ ચેમ્પિયન બની ગઈ છે.

## પરેલ એલ્ફિન્સ્ટન બ્રિજ

- 29 સપ્ટેમ્બર,2017 ના રોજ મુંબઈમાં સેન્ટ્રલ રેલવેના પરેલ અને પશ્ચિમ રેલવેના એલ્ફિન્સ્ટન રેલવે સ્ટેશનને જોડતા પરેલ એલ્ફિન્સ્ટન બ્રિજ પર અફવાને કારણે સર્જાયેલી ભાગદોડમાં આશરે 23 લોકોના મોત થયા છે.
- 26 સપ્ટેમ્બર, વિશ્વ બધિર દિન
- 27 સપ્ટેમ્બર વિશ્વ પ્રવાસન દિન

—::સંપાદક/લેખક::—
હમીરભાઈ રાઠોડ
નિકુંજ રમણા
નિલેશ પંડયા




Lakshya Career Academy